ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૪૪ ટકા ● સાંજે ૨૨ ટકા

# ચોકલેટ, હેમ્પર્સ અને છાબ ડેકોરેશનમાં માસ્ટર કવિતા કોટક


## હોળીના પર્વ માટે આકર્ષક હેમ્પર્સ માત્ર ૧૦૦ રૂ.થી ૧૦૦૦ રૂ.માં બનાવી આપતા શહેરના ક્રીએટીવ વુમન

ગાંધીનગર, તા.૧૩

શહેરમાં મહિલાઓ ક્રિએટીવીટી કરવામાં ખૂબ આગળ વધી રહી છે. આધુનિક યુગમાં મહિલાઓ પોતાના પરિવારની દેખરેખની સાથે સાથે પોતાના શોખને પણ જીવંત રાખવાના ચોકકસથી પ્રયાસો કરે છે. બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે પોતે પણ એકટીવ રહેવા માટે કંઈકને કંઈક નવીનત્તમ કાર્યો કરે છે. જેનું એક સુંદર ઉદાહરણ આજે પ્રસ્તુત કરીએ છે.

ગાંધીનગરમાં રહેતા અને મૂળ રાજકોટના વતની એવા કવિતાબેન કોટકની અદભુત ક્રીએટીવીટી... આગામી દિવસોમાં રંગોનો તહેવાર હોળીની ધામધૂમપૂર્વક ઉજવણી કરાશે. જેમાં અવનવીભેટ સોગાદો આપવામાં આવે છે ત્યારે હોળી પર્વને ધ્યાનમાં રાખી આ વખતે ખૂબ જ સુંદર અને આકર્ષક હોળીના હેમ્પર્સ બનાવવામાં આવ્યા છે. કવિતાબેન કોટકના હાથમાં તો જાણે જાદુ હોય તેમ ગ્રાહકોની ચોઈસ મુજબના તથા પોતાની રીતે વિચારીને પ્રસંગોપાત જુદા જુદા નાના-મોટા ગીફ્ટ હેમ્પર્સ તૈયાર કરે છે. ચોકલેટ હેમ્પર્સ અને છાબ ડેકોરેશનના કાર્ય સાથે જોડાયેલા કવિતા કોટક જણાવે છે કે આ વર્ષે હોળી પર્વ માટે કસ્ટમાઈઝ હેમ્પર્સ અને હોળીના





વિવિધ પ્રકારના હાયડા બનાવ્યા છે જે જૂના જમાનામાં અપાતા હતા એ જ પણ એક ક્રીએટીવીટી સાથે હાયડા બનાવી આપીએ છીએ. હાયડાની જે જૂની પરંપરા છે એ જળવાય અને આજના જમાના પ્રમાણે કંઈક નવું લાગે એ પ્રમાણેના ક્રીએટીવ હાયડા ગ્રાહકો બનાવડાવે છે. જેમ કે ફોટાવાળા, નામવાળા, ચોકલેટ, ખજૂર, ધાણી વગેરે... એ જ પ્રમાણે હેમ્પર્સમાં ચોકલેટ, હોલી હૈ વાળી ટી શર્ટ, જયૂસ, કલર વગેરેનો તેમાં સમાવેશ કરવામાં આવે છે. જેનો ભાવ ૧૦૦ રૂપિયાથી લઈ ૧૦૦૦ રૂપિયા સુધીનો હોય છે.

પોતાની આ ક્રીએટીવીટીને સોશિયલ મીડિયામાં પણ મુકવામાં આવી રહી છે. જે 'K.K. Chocolates' ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પેજ પર રજુ કરવામાં આવી છે. જેમ દુકાનોમાં ગીફ્ટ હેમ્પર્સ વેચાય છે તે જ રીતે જો કે તેના કરતા પણ પરફેકટ આ હેમ્પર્સ બનાવવામાં આવી રહ્યા છે. ગાંધીનગરાઓએ આ અદભૂત ક્રીએટીવીટીનો લાભ જરૂર લેવો જોઈએ.

જન્મદિવસ માટેના હેમ્પર્સ, મેરેજ માટેના હેમ્પર્સ, સરપ્રાઈઝ માટેના હેમ્પર્સ, બેસ્ટ ઓફ લક હેમ્પર્સ, વિગેરે બનાવવામાં આવે છે. જેમાં હોળીના તહેવાર માટેના આ હેમ્પર્સ ખૂબ આકર્ષક જોવા મળી રહ્યા છે. જો કોઈ ગીફ્ટ તરીકે પોતાના સગા વહાલાને આપે તો તેઓ અવશ્ય આનંદની લાગણીઓ અનુભવશે તેવા હેમ્પર્સ બનાવવામાં આવ્યા છે.

# સેક્ટર-૭માં શ્યામજી કૃષ્ણવર્મા વસાહત ખાતે મહિલા દિનની 'સાર્થક' ઉજવણી






ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં સેક્ટર-૭માં શ્રી શ્યામજી કૃષ્ણવર્મા વસાહત ખાતે સાર્થક ફાઉન્ડેશન દ્વારા વિશ્વ મહિલા દિવસે આયોજિત કાર્યક્રમમાં ૩૦૦ જેટલી મહિલાઓએ વિવિધ મનોરંજક રમતો અને કરાઓકે સંગીત વગેરેનો મનભરીને આનંદ માણ્યો હતો. આ પ્રસંગે શહેરના મેયર હિતેશભાઈ મકવાણા, સ્થાનિક કોર્પોરેટર્સ તેજલબેન નાઈ, મીનાબેન પટેલ અને મહેન્દ્રભાઈ પટેલ દાસ તેમજ લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિનાના પૂર્વ અધ્યક્ષ મમતાબેન રાવલ અને સાર્થક ફોઉન્ડેશનના અધ્યક્ષ ક્રિષ્નાબા રાજપૂત વગેરે હાજર રહ્યા હતા.

સાર્થક ફાઉન્ડેશનના અધ્યક્ષ ક્રિષણાબા રાજપૂતએ સંસ્થા વિષે માહિતી આપતા કહ્યું હતું કે "સાર્થક ફાઉન્ડેશન મહિલા સશક્તિકરણ ઉપર કામ કરી રહ્યું છે જેમાં છેવાડાંના ગ્રામ્ય વિસ્તારોમાં દીકરીઓને ગુડ ટચ બેડ ટચ, સનિટેરી પેડ વગેરે વિષે માહિતી આપવી, મહિલાઓને સમાજમાં પોતાની જાતે કાર્યો કરી સશક્ત બનવું, સેલ્ફ ડિફન્સની શિબિરો યોજવી, કોરોના કાળમાં જરૂરિયાતમંદોને ફૂડ પેકેટ, સેનિટાઈઝર અને માસ્કનું વિતરણ તથા ગરમી વિસ્તારની શાળામાં બાળકોને સ્ટેશનરી તેમજ બેગ વિતરણ વગેરે કાર્યોનો સમાવેશ થાય છે". તેમણે મહિલાઓને પોતાની જાતે સશક્ત બની આ ઉજવણીને સાર્થક બનાવવા પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમમાં મહિલાઓએ વિવિધ મનોરંજક રમતો અને કરાઓકે સંગીત વગેરેનો મનભરીને આનંદ માણ્યો હતો જે પૈકી ક્રેક જેક ગેમના પ્રથમ ક્રમે બિકુબેન ચાવડા, દ્વિતીય ક્રમે સ્મૃતિબેન પટેલ, વેશભૂષા પ્રથમ ક્રમે અંતરકુંવરબા, દ્વિતિય ક્રમે રૂચિતાબેન હીરાની અને તૃતીય ક્રમે અલ્પાબેન જોશી, ફ્લો બલૂન ગેમમાં પ્રથમ ક્રમે અંકિતાબેન, દ્વિતિય ક્રમે સ્વાતિબેન ચૌહાણ અને તૃતીય ક્રમે ચૌહાણ ધર્મિષ્ટાબેન, ગીત-સંગીત પ્રથમ ક્રમે આસ્થાબેન પરમાર, દ્વિતીય ક્રમે સુનિતાબેન રાણા, તૃતીય ક્રમે રાજેશ્વરીબેન દવે અને સંગીત ખુરશીમાં પ્રથમ ક્રમે હસુમતિબેન રાઠોડ, દ્વિતીય ક્રમે શારદાબેન પરમાર અને તૃતીય ક્રમે વિજેતા મલ્લિકાબેન રહ્યા હતા.

# આવતીકાલથી પાર્થિવ ગોહિલના સૂરો સાથે 'સિરાજ-૨૦૨૨'નો શુભારંભ

## સે-૨૩ના કડી કેમ્પસમાં એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટમાં બે દિવસીય એકેડેમિક કમ કલ્ચરલ ઈવેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

સતત બે વર્ષના કપરા કાળ બાદ હવે ફરી એકવાર યુનિવર્સિટી સંકુલો અને કોલેજ કેમ્પસમાં યુવા વિદ્યાર્થીઓની ચહલપહલ અને મસ્તીભરી હાજરીથી જીવંત થઈ ઉઠયાં છે. ફરી એકવાર કેમ્પસમાં કાર્યક્રમોની કિલકરીઓ ગુંજવી શરૂ થઈ રહી છે. ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટની જાણીતી એકેડેમિક કમ કલ્ચરલ ઈવેન્ટ 'સિરાજ'નું ફરી એકવાર ઓફલાઈન આયોજન કરવામાં આવ્યું છે જેમાં યુવાનોમાં ઉત્સાહના સૂર પુરવા ગુજરાતના જાણીતા ગાયક કલાકાર પાર્થિવ ગોહિલ પધારી રહ્યાં છે.

સેકટર-૨૩ના કડી કેમ્પસ ખાતેની એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટીઝ ખાતે આગામી તા. ૧૫ અને ૧૬ માર્ચ દરમિયાન 'સિરાજ-૨૦૨૨' ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. 'સિરાજ-૨૦૨૨' બંને દિવસ દરમિયાન સવારે ૯ થી સાંજના ૭ કલાક સુધી યોજાશે જેમાં ગુજરાતી પાર્શ્વ ગાયક પાર્થિવ ગોહિલ ઉદઘાટક તરીકે અને અતિથિ વિશેષ પદે કેએસવીની એલડીઆરપી-આઈટીઆર કોલેજના આચાર્યા ડૉ. ગાર્ગી રાજપરા ઉપસ્થિત રહેશે. આ ઈવેન્ટમાં એમબીએ, એમસીએ, બીબીએ, બીસીએ, બીએસસી, ફાર્મા અને બીઈના રાજયભરમાંથી આશરે ૧૫૦૦ જેટલાં વિદ્યાર્થીઓ ભાગ લેશે. ઈવેન્ટમાં બીઝનેસ સ્ટ્રેટેજી ગેમ્સ, ટ્રેઝર હન્ટ, પોર્ટફોલિયો મેનેજમેન્ટ ગેમ, કોમ્પ્યુટર વિઝન, મલ્ટીમીડિયા એનિમેશન, લેન ગેમિંગ, સ્ટાર્ટઅપ કોમ્પિટીશન, બીઝનેસ કવિઝ સોફટવેર ડેવલપીંગ, એડવર્ટાઈઝમેન્ટ ગેમ વગેરે ઉપરાંત અંતાક્ષરી, ડાન્સ અને ફેશન શો જેવી મનોરંજક સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે.



'સુંદરકાંડ પાઠ' શ્રીમદ ભાગવત કથાના મંડપમાં યજમાન નારાયણભાઈ ચૌધરી (હોટલ ઘુંઘટ) પરિવાર દ્વારા ગામ-મકાખાડ, માણસા, ગાંધીનગર ખાતે ભારતીબાપુની વ્યાસ પીઠે યોજાયો હતો.

## જન્મદિને વધામણી



**પૃથ્વી વોરા**
મો. ૭૪૦૫૭ ૫૩૫૦૦



**રોહન ડી ગોહેલ**
મો. ૬૩૫૪૯ ૨૫૨૦૮



**મહર્ષિ ગોપાલ સોલંકી**
મો. ૯૪૨૬૩ ૩૩૪૩૮



**અનેરી દુષ્યંત દવે**
મો. ૭૬૯૮૮ ૧૯૯૭૨

## ચિરવિદાય

● રૂદ્રભૂમિ ●

- **સ્વ.** ડાભી ગાંડાજી નારણજી, ઉ.વ. ૪૭, ખોરજ ડાભી, કલોલ
- **સ્વ.** દંતાણી રોહનકુમાર રણજીતભાઈ, ઉ.વ. ૧, પુન્દ્રાસણ
- **સ્વ.** યાદવ સીતારામ રામદેવ, ઉ.વ. ૬૦, સેકટર-૭
- **સ્વ.** વૈશ્નવ વિનાયક નવરંગલાલ, ઉ.વ. ૯૩, સે-૩૦

# શૈક્ષણિક સંકુલોથી સુવિખ્યાત પણ સમસ્યાઓનું સમાધાન પણ શોધતું સેકટર-૨૩

## મૌટા શૈક્ષણિક સંકુલોને કારણે ટ્રાફિક જામથી માંડીને ઓવરસ્પિડિંગ અને અન્ડરએજ ડ્રાઈવીંગથી ત્રસ્ત સે-૨૩ : ખંડેર સરકારી આવાસો અને જાહેર સાફસફાઈ સહિત હંગામી અને પાકાં દબાણો ઉપરાંત અન્ય સમસ્યાઓનો પણ ઉકેલ શોધતું સે-૨૩

**મારું સેક્ટર મારી સમસ્યા**
**સમીર રામી**

ગાંધીનગર, તા.૧૩

છેલ્લાં કેટલાંક વર્ષોમાં ગાંધીનગરનો વિકાસ સેકટરોની મર્યાદાને વટાવીને આપાસના ગ્રામ્ય વિસ્તારોને આવરી લેવા તરફ પુરઝડપે વધી રહ્યો છે. પરંતુ અગાઉ આ શહેરનો પાટનગર તરીકે તબક્કાવાર રીતે વિકસાવાયું ત્યારે પણ તે જુના અને નવા સેકટર જેવા બે ભાગમાં ઓળખાતું રહ્યું છે. જુના સેકટર તરીકે ઓળખાતા સેકટરો પૈકીનું એક સેકટર-૨૩ શહેરમાં વસવાટ માટે પસંદગીના સેકટરોમાં શરૂઆતના ક્રમમાં સ્થાન પામે છે તેમ છતાં આ સેકટરમાં પણ વસાહતીઓ નાની મોટી અનેકવિધ સમસ્યાઓથી થોડી ઘણી પરેશાની પણ ભોગવી રહ્યાં છે જે માટે સેકટરના કેટલાંક જાગ્રત નાગરિકો વિવિધ સ્તરે રજુઆતો કરીને ઉકેલવા પ્રયાસરત પણ છે.

શહેરનું પ્રથમ સ્વામિનારાયણ મંદિર જયાં આવેલુ છે તેવા સેકટર-૨૩માં શ્રી અરવિંદ કેન્દ્ર અને મેથોડિસ્ટ ચર્ચ ઉપરાંત નાનકડાં જયોતેશ્વર મહાદેવ જેવા આધ્યાત્મિક અને ધાર્મિક સ્થળો છે. બાળકોને વિજ્ઞાનના અચરજો સાથે ઓળખાણ કરાવીને તેમની કુતુહલતાને સકારાત્મક દિશા પ્રદાન કરતું નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર પણ અહીં છે. જેની નજીકમાં જ સામાજિક વનીકરણ હેઠળ ૪૬૭ જેટલાં લીમડાં સાથે અન્ય ઉપયોગી વૃક્ષોનો પૂર્ણરૂપે ઉછેર થવા પામ્યો છે જે સ્થાનિક વસાહતીઓ પોતાના આંગણે આવતાં મહેમાનોને ગૌરવપૂર્વક દેખાડતાં પણ હોય છે. જો કે સેકટર-૨૩ની જો અત્યારે સૌથી મોટી કોઈ ઓળખ બની હોય તો તે અહીંના શૈક્ષણિક સંકુલો છે જેમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય કેમ્પસ અને સ્વામિનારાયણ ગુરૂકુળ છે. આ બંને શૈક્ષણિક સંકુલોમાં મળીને આશરે ૫૦ હજાર જેટલાં વિદ્યાર્થીઓ શિક્ષણ પામી રહ્યાં છે. જો કે આટલી મોટી સંખ્યામાં નાના ભૂલકાંઓથી માંડીને યુવા વિદ્યાર્થીઓના કારણે શાળા કોલેજના સમય દરમિયાન સેકટરમાં વારંવાર ટ્રાફિક જામ થવો તે સામાન્ય બની ગયું છે. કોરોનાના કપરાં બે વર્ષ બાદ ફરી એકવાર ધમધમી ઉઠેલા શૈક્ષણિક સંકુલોના કારણે સેકટરમાં પગપાળા, સાયકલો, સ્કૂટરો-બાઈકો લઈને દોડતા યુવાનો અને સ્કૂલવાનના ખડકલાં ફરી શરૂ થઈ ગયાં છે પરંતુ હજુ સુધી આ બંને શૈક્ષણિક સંકુલોને જોડતો મુખ્ય આંતરિક માર્ગને વચ્ચે 'વર્જ' બનાવીને પહોળો કરવાની વસાહતીઓની રજુઆતને તંત્ર અવગણી રહ્યું છે. વળી, અહીં 'ધૂમ' બાઈકીંગ અને અન્ડરએજ ડ્રાઈવીંગના દૂષણો પણ જયાં માથાનો દુઃખાવો બનતાં હોવાથી માર્ગો પર સ્વાભાવિક રીતે જ સ્પીડબ્રેકર્સની સંખ્યા વધુ રહેવાની પરંતુ સે-૨૩ના આ સહિતના અન્ય માર્ગો પરના સ્પીડ બ્રેકર્સ અનિયમિત ઉંચાઈ ધરાવતા હોવાની સમસ્યા ઘણા વર્ષોથી સ્થાનિક વાહનચાલકોને સતાવી રહી છે. અત્યારે તો સેકટરમાં વિકાસ કાર્યોના કારણે અનેક ઠેકાણે ખોદકામ જોવા મળી રહ્યું છે જેમાં અપુરતાં પુરાણને પગલે અને રસ્તાઓની બંને તરફના સ્તર નીચા હોવાથી અકસ્માત સર્જાય તેવી ભયજનક સ્થિતિ પણ જોવા મળી રહી છે.








સે-૨૩માં શૈક્ષણિક સંકુલોની નજીકમાં જ હોરર ફિલ્મમાં દર્શાવી શકાય તેવા અત્યંત બિસ્માર અને ખંડર હાલતમાં હારબંધ સરકારી આવાસોના નવીનીકરણનો પ્રશ્ન કોર્ટ મેટર થઈને અટકી પડયો છે. ખૂબ જ બિહામણા અને કોઈનો ભોગ લે તેવા ડરામણાં દેખાતાં આ ખંડેરો અસામાજિક તત્વો માટે આશ્રયસ્થાન પણ બની રહ્યાં છે. જે વિદ્યાર્થીનીઓની સુરક્ષા માટે પણ જોખમી જણાય છે. આ સાથે સેકટરમાં જાહેર સફાઈનો અભાવ પણ ઉડીને આંખે વળગે તેવો છે જેના કારણે ખુલ્લા મેદાનોમાં જંગલી વનસ્પતિઓના વિકાસ સાથે રખડતાં ઢોર-ઢાંખરની સમસ્યાને પણ વકરાવે છે. વળી, રખડતાં કૂતરાંની સમસ્યા પણ સે-૨૩માં વધી છે તેજ રીતે સેકટરમાં અનેક સ્થળે ઝુંપડપટ્ટીના વધવા ઉપરાંત સરકારી જગ્યામાં 'કાર મેળા' અને કામચલાઉ બજારો જેવા હંગામી દબાણો સાથે ગ-માર્ગ અને માર્ગ નં.૬ તરફના ભાગે રહેણાંક વિસ્તારમાં વધી ગયેલાં પાકાં દબાણો પણ સ્થાનિક વસાહતીઓ માટે માથાનો દુખાવો બની રહ્યાં છે. સેકટરની પંચવટી સોસાયટી સહિતના કેટલાંક વિસ્તારમાં ડોર ટુ ડોર વેસ્ટ કલેકશન કાર્ય પણ અનિયમિત સમયે થઈ રહ્યું હોવાની રાવ છે તેમજ આ વિસ્તારમાં ગટર લાઈનના ઢાંકણ મુખ્ય માર્ગ પર હોવા છતાં અડધા ફુટ નીચે રખાયાં છે અને રોડની ઉંચાઈ વધી જવાનો કારણે રહેણાંક વિસ્તારમાં પણ ચોમાસામાં વરસાદી પાણીનો ભરાવો ત્રાહિમામ પોકારાવે છે. જેમાં માખી મચ્છરના ઉપદ્રવ સાથે જાહેર આરોગ્ય સામે જોખમ ઉભું થાય છે જયારે સેકટરમાં સરકારી આરોગ્ય કેન્દ્ર જ વર્ષોથી બંધ હાલતમાં છે.

ગ-૧ થી લઈને જ-૨ સુધીની કેટેગરીના ૮૫૬ સરકારી આવાસો અને ૮૧ ચે.મીથી લઈને ૩૩૦ ચો.મી તેમજ ૫૦૪ ચોમી સુધીના વિશાળ ખાનગી પ્લોટસની ૧૪૧૬ જેટલી ફાળવણી ધરાવતા સે-૨૩માં જાણીતી લગ્નવાડી અને મુખ્ય બગીચાનું નવનિર્માણ તો થઈ રહ્યું છે પરંતુ સેકટરમાં અન્ય નાના બગીચાઓ અને શોપીંગ સેન્ટરની હાલત સુધારવાની તાતી જરૂર છે. સેકટર-૨૩માં એક સબ પોસ્ટ ઓફિસ હતી તે પણ જાણવા મળ્યાં મુજબ અધિકારી આવાસોના નિર્માણ હેતુસર અન્યત્ર ખસેડવાની હિલચાલ કરાઈ હતી જેને વસાહતીઓની લડતે અટકાવી તો છે પરંતુ હજુ પણ તેનું રિનોવેશન હાથ ધરાયું નથી. સેકટરમાં પહેલા જે દિશાસૂચક અને પ્લોટ નંબર દર્શાવતા સાઈનબોર્ડ હતા તેમાંથી અસંખ્ય ગાયબ છે અથવા તુટેલી હાલતમાં છે તેમજ વિરાટનગર વસાહત પાસેના કોમન પ્લોટને વરંડાની જરૂરિયાત જણાય છે. સે-૨૩ના કેટેગરીના આવાસો તરીકે જાણીતા વિસ્તારમાં છેલ્લા ૩ માસમાં બે ત્રણ વાર પેટ્રોલ ચોરી સહીતના બનાવો અપૂરતા પોલીસ પેટ્રોલીંગને કારણે બનવા પામ્યા છે જે વસાહતીઓની સુરક્ષા બાબતે ચિંતા જન્માવી રહ્યા છે. એકંદરે સેકટર-૨૩માં જેટલી સુવિધાઓ છે તેટલી સમસ્યાઓ પણ સતાવી રહી છે.

●●●

**સે-૨૩ના ભૂતિયાં ખંડેર સરકારી આવાસોનું કોર્ટની પરવાનગીથી ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિડિયોગ્રાફી કરી ડિમોલિશન કરવું જોઈએ કેમ કે તે સોનાની થાળીમાં મેખ સમાન બની રહ્યા છે. સેકટરમાં પોલીસ પેટ્રોલીંગ થકી ઓવર સ્પિડિંગ અને અન્ડરએજ ડ્રાઈવીંગ સહિત અસામાજિક તત્વોને જેર કરવા જેવાં પગલાં લેવા ઉપરાંત રખડતાં ઢોર અને કૂતરાઓના ત્રાસને નાથવા નક્કર પગલાં ભરવા જોઈએ. આ સાથે આંતરિક માર્ગોનું સમારકામ અને બંને તરફ યોગ્ય લેવલીંગ કરવા સાથે જાહેર સાફસફાઈમાં કચરાના નિકાલ માટે ડસ્ટ કન્ટેનરની સુવિધાની પણ તાતી જરૂર છે.**

**- સુધીર દેસાઈ, મહામંત્રી, શહેર વસાહત મહામંડળ તથા સ્થાનિક અગ્રણી**

●●●

**શૈક્ષણિક સંકુલોને જોડતાં માર્ગ પર સેન્ટ્રલ વર્જ જેવું ડિવાઈડર બનાવવાથી બાળકો પરનું અકસ્માતનું જોખમ નિવારી શકાશે. સેકટરના જાહેરમાર્ગ પરના ગટરોના ઢાંકણ જે રોડથી અડધા ફુટ જેટલાં નીચે છે તેના લેવલીંગ સાથે રીંગરોડની નીચે તરફ યોગ્ય પુરાણ કરી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ગોઠવવી જરૂરી છે. સે-૨૩ની સબ પોસ્ટ ઓફિસનું સત્વરે રિનોવેશન કરી નવા મકાનમાં કાર્યરત કરાય અને વધતી ઝુંપડપટ્ટી સહિતના દબાણો પર અંકુશ આવે તે પણ અટલું જ જરૂરી છે.**

**- સાંકાભાઈ પટેલ, પ્રમુખ, ભારતીય નાગરિક હિતરક્ષક સમિતિ તથા સ્થાનિક અગ્રણી**

●●●

**સેકટર-૨૩માં ચર્ચ સામેના વિસ્તારના સરકારી આવાસોમાં પેટ્રોલની ચોરીનું દૂષણ વધી રહ્યું છે જેમાં લબરમૂછીયા કહેવાય તેવા યુવાનો ચોરી ચકારીએ ચઢયાં છે તેથી સેકટરમાં પોલીસ પેટ્રોલીંગ વધારવામાં આવે તો આગામી સમયમાં સેકટરવાસીઓની સુરક્ષા જળવાશે અને આવા અસામાજિક તત્વો પર લગામ આવશે.**

**- સંજયસિંહ ચાવડા, સ્થાનિક વસાહતી**

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com